## સંક્ષિપ્ત સમાચાર

### કડોદમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો


કેતન પટેલ, ચેતન ટેલર

કડોદ: બારડોલીના કડોદની દામોદરદાસ ગાંધી હોસ્પિટલ અને માંડવીની તેજસ આંખની હોસ્પિટલના ઉપક્રમે રવિવારે મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. સ્વ.રમેશચંદ્ર રતનચંદ શાહ અને ગં.સ્વ.પુષ્પાબેન રમેશચંદ્ર શાહ પરિવારના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં ૨૦૯ દર્દીએ તપાસ કરાવી હતી. તો ૪૭ દર્દીના મોતિયા અને ૧૪ના ઝામર/છારીનાં ઓપરેશન માંડવી ખાતે કરાશે, જ્યારે ૧૨૪ને મફત ચશ્મા અને દવા અપાઈ હતી. ટ્રસ્ટીમંડળે દાતાઓ, જનતા અને સ્ટાફનો આભાર માન્યો હતો.

### શુક્લતીર્થમાં કારતકી અગિયારસથી મેળાનો પ્રારંભ



ભરૂચ: ભરૂચ પાસે નર્મદા કિનારે આવેલા શુક્લતીર્થ ખાતે કારતકી અગિયારસથી 7 દિવસીય મેળાનો પ્રારંભ થયો છે. 21થી 27 નવેમ્બર સુધી યોજાનાર આ મેળાનું ઉદઘાટન ધારાસભ્ય અરુણસિંહ રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ ઊમટી પડ્યા છે. ચકડોળ-રાઇડ્સ તેમજ પરિવાર સાથે તંબુ બાંધીને રહેવાની પરંપરા આ મેળાનું મુખ્ય આકર્ષણ બની છે.

### બારડોલીમાં ૨૨,૫૪૬ બાળકોને પોલિયોની રસી પીવડાવાઈ



બારડોલી: પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત બારડોલી નગર અને તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસી પીવડાવવાની સફળ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે વિગતો આપતા બારડોલી તાલુકા હેલ્થ ઓફિસર પંકજ ફણસિયાએ જણાવ્યું હતું કે, અભિયાન દરમિયાન કુલ ૨૨,૫૪૬ ભૂલકાંને સુરક્ષા કવચ રૂપી પોલિયોનાં ટીપાં પીવડાવીને ૯૧ ટકા જેટલો નોંધપાત્ર લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યો છે.

### અંકલેશ્વરના નારાયણ મંદિરે તુલસી વિવાહ દર્શન

અંકલેશ્વર: અંકલેશ્વરની પંચાટી બજારમાં આવેલા નારાયણ મંદિર ખાતે કારતક માસની પવિત્ર એકાદશીના અવસરે ભગવાન શાલિગ્રામ સહિત તુલસી વિવાહના દિવ્ય દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને પૂજન-અર્ચન કરી ભગવાનનાં દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### ગડખોલમાં ટિપ્પણી કરવા બદલ મારામારી

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલના અંબિકાનગર નજીક આવેલા છઠપૂજાના મેદાન પાસે જીતેન્દ્ર રામજી કુશવાહા અને તેના ભાઈ પર કેટલાક યુવકોએ ટિપ્પણી કરી હતી. આ બાબતે બંને પક્ષ વચ્ચે બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હતો અને અંતે મારામારીમાં પરિણમ્યો હતો. દરમિયાન ફરિયાદી યુવક અને તેના ભાઈ પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ અંકલેશ્વર શહેર બી' ડિવિઝન પોલીસ મથકે નોંધાવવામાં આવી હતી. આ બનાવમાં છની ધરપકડ કરાઈ હતી.

### ભરૂચમાં યુવતી ઉપર બળાત્કાર કરનારો સાહિલ કબીર ઝડપાયો

ભરૂચ: ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં સગીરા પર વારંવાર દુષ્કર્મ આચરવાની ઘટના અંગે ગુનો નોંધાયો છે. ફરિયાદ મુજબ, ધોરણ-10 દરમિયાન સ્કૂલના 'ટેલેન્ટ પુલ' સેમિનારમાં આરોપી સાહિલ કબીરે સગીરા સાથે પરિચય કેળવી સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક સાધ્યો હતો. ત્યારબાદ કોલેજકાળ દરમિયાન ચાવજ સ્થિત ધર્મનંદન કોમ્પ્લેક્સની એકેડમીમાં લઈ જઈ દુષ્કર્મ આચરી ફોટા અને સોનાના દાગીના પડાવ્યા હતા. પોલીસે સાહિલ કબીરની ધરપકડ કરી પોક્સો, દુષ્કર્મ, અપહરણ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી ડીવાયએસપી ડો. અનિલ સિસારાએ વધુ તપાસ હાથ ધરી છે.

### એકતાનગરનો SRP જવાન ગુમ

સુરત: એકતાનગર SRP ગ્રુપ-૧૮ના જવાન શાહનવાજ ગુલામનબી શેખ તા.૧૮/૧૧/૨૦૨૬ના રોજ સાંજે અલ્ટો કાર નં.(GJ-22-AB-0346) લઈ અમદાવાદ જવાનું કહી નીકળ્યા બાદ ગુમ થયા છે. અમદાવાદ રિંગ રોડ પર યા પીધા બાદ તેઓ રાત્રે કેવડિયા જવા નીકળ્યા હતા, ત્યારબાદ મોબાઈલ બંધ થઈ ગયો હતો. શોધખોળ છતાં પત્તો ન લાગતાં પત્ની શબાનાબેને સલામતી પોલીસ સ્ટેશનમાં ગુમ થયા કે અપહરણ થયાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે।

### અંકલેશ્વરમાં કન્ટેનરની ટક્કરે સાઇકલ સવારનું મોત

અંકલેશ્વર:અંકલેશ્વરના મહાવીર ટ્રેનિંગ નજીકથી સાઇકલ પર પસાર થઈ રહેલા રામ આજ્ઞ સિંહ (ઉ.વ.૫૨)ને કન્ટેનર ચાલકે અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. કન્ટેનરની જોરદાર ટક્કરના કારણે સાઇકલ સવારનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક રામ આજ્ઞ સિંહ મૂળ બિહારના વતની હતા અને અંકલેશ્વરના શાંતિનગર વિસ્તારમાં રહેતા હતા.

### જોળવા ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

પલસાણા: જોળવાની સાઈ આંગન રેસિડેન્સીના ખુલ્લા મેદાનમાં તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સને પલસાણા પોલીસે ઝડપી પાડ્યા છે. ૨૧ નવેમ્બરે સાંજે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બાલુભાઈ રામાણી, ખુશાલ બોરસે, રાકેશ ડીગરાડે, અક્ષય પાટિલ, રવીન્દ્ર પાટિલ અને ભરતભાઈ પાટિલને ઝડપી લીધા હતા. પોલીસે દાવ અને અંગજડતીના રોકડા ૩.૧૧,૭૭૦ તથા ગંજીપાનાં કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં અકસ્માત કરનાર ટેમ્પો ચાલક ઝડપાયો

સોનગઢ: સોનગઢના નેશનલ હાઈવે પર ટેમ્પોની અડફેટે સાતકાશીના નરેશભાઈ વસાવાનું મોત નીપજાવી ફરાર ચાલક મોહમ્મદ રફીક શેખ (ઉ.વ.૪૫) (રહે.,તડકેશ્વર, અરેઠ, સુરત)ને સોનગઢ પોલીસે ઝડપી પાડ્યો હતો. ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ટેમ્પો નં.(GJ.19.Y.6108) ના ચાલકની અટકાયત કરી PSI એ.સી.ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

### પરિણીતા આપઘાત કેસ: બેની અટકાયત

સોનગઢ: સોનગઢ પોલીસે ઘરેલુ હિંસા અને આપઘાતના દુષ્પ્રેરણાના ગુનામાં પીપલાપાણીના અજયભાઈ અને રામસીંગભાઈ વસાવાની અટકાયત કરી છે. સાસરી પક્ષના માનસિક-શારીરિક ત્રાસથી કંટાળી બોરદાની પરિણીતા નેહાબેને નિંદણ મારવાની દવા પી લેતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે પ્રો. PSI કે.ડી.શર્મા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### ઉકાઈનો ફરાર આરોપી ઝડપાયો

સોનગઢ: તાપી LCB અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે બાતમીના આધારે તા.૨૧/૧૧/૨૦૨૬ના રોજ વ્યારા રેલવે સ્ટેશન રોડ પરથી ઉકાઈ પોલીસ સ્ટેશનના ૨૦૨૧ના પ્રોહિબિશન ગુનામાં ફરાર આરોપી શૈલેશભાઈ નાયર (ઉ.વ.૪૫) (રહે.,અડાજણ, સુરત)ને બપોરે ઝડપી પાડ્યો હતો. આરોપીનો કબજો વધુ તપાસ માટે વ્યારા પોલીસને સોંપાયો છે.

# કોસંબા મર્કંટાઈલ બેન્કની ચૂંટણીમાં હોબાળો

**બે જૂથ** વચ્ચે છાશવારે તું તું મેં મેં થતાં પોલીસને પરસેવો પાડવો પડ્યો, 58% મતદાન થયું


ઈબ્રાહીમ કાનુ

હથોડા: રવિવારે કોસંબા મર્કન્ટાઈલ બેન્કની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસની સીધી ટક્કર જોવા મળી હતી. સવારથી જ મતદારોની લાઈન જોવા મળી હતી. ત્યારબાદ બપોરે બે વાગે મતદારો બાબતે બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. એ પછી ત્રણેક વાગ્યાના અરસામાં ફરી પાછાં બે જૂથ પોલીસનો ડર રાખ્યા વિના આમનેસામને આવી જતાં ઘટના સ્થળે મોટું ટેન્શન જોવા મળ્યું હતું. પરંતુ પોલીસ તંત્રએ મામલો થાળે પાડ્યો હતો. આજની ચૂંટણીમાં કેટલાક ઝઘડાખોર ઈસમોએ સામાન્ય બાબતના ઝઘડાને મોટું સ્વરૂપ આપી પોલીસ તંત્રને પરસેવો પડાવ્યો હતો. આખરે સાંજના પાંચ વાગ્યે પાલોદ પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે બોલાવવો પડ્યો હતો. આખરે શાંતિપૂર્ણ મતદાન પૂરું થયું હતું અને 7646 મતદાર પૈકી 4,427 જેટલા મતદારોએ મતદાન કરતાં 58% મતદાન નોંધાયું હતું. ચૂંટણી પતી ગયા બાદ કોંગ્રેસ અને ભાજપ દ્વારા જીતના સરખા દાવા કરવામાં આવ્યા છે. પરંતુ આજે સોમવારે ચૂંટણીનું પરિણામ જાહેર થશે ત્યારે ખબર પડશે કે મતદારો જીતની માળા કોના ગળામાં પહેરાવે છે.

**ઘટના સ્થળે માંગરોળ, કામરેજ, પાલોદ, કીમ પોલીસનો કાફલો ખસેડવો પડ્યો**

બપોરના સમયે બબાલ થતાં સાંજના સમયે સ્થિતિ વકરે નહીં એ માટે આખરે માંગરોળ, કામરેજ, પાલોદ અને કીમ પોલીસનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. સાંજે ચૂંટણી પૂરી થવાના સમયે પોલીસ ગેટ નજીક તેમજ શાળાના ગ્રાઉન્ડ મેદાનમાં શાંતિ જાળવવા માટે તૈનાત રહી હતી.

# સારંગપુરની રોશની સોસાયટીમાં ગેસ લાઈનમાં આગ ભભૂકી


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામની રોશની સોસાયટીમાં ઘરની બહાર રાંધણ ગેસની લાઈનમાં આગ લાગી હતી. આ ઘટનાને પગલે ભારે નાસભાગ મચી ગઈ હતી.

અંકલેશ્વરના સારંગપુર ગ્રામ્ય વિસ્તારની રોશની સોસાયટીમાં ઘરની બહાર રાંધણ ગેસની લાઈનમાં અચાનક આગ લાગી હતી. જોકે, ઘર હજુ વેચાણ માટે બાકી હોવાથી બંધ હતું, પરંતુ અચાનક ગેસ લીકેજથી આગ ભભૂકી ઊઠી હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ઘટનાને પગલે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના અંગે જાણ થતાં અંકલેશ્વર નોટિફાઈડ ઓથોરિટીના DPMC ફાયર સ્ટેશનની ટીમ અને ગુજરાત ગેસના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

# 'મનોરંજન બેંક'ની નોટોથી બકરો ખરીદનારા બે ઝડપાયા



**સોનગઢના** આંબા ગામમાં મહિલા સાથે છેતરપિંડી કરી હતી

સોનગઢ: સોનગઢનાં આંબા ગામમાં છેતરપિંડીનો એક એવો 'મનોરંજક' કિસ્સો સામે આવ્યો છે, જેમાં આરોપીઓએ બકરાં ખરીદવા માટે રિઝર્વ બેંકને બદલે સીધી 'મનોરંજન બેંક' ખોલી નાંખી હતી! આ બનાવમાં પોલીસે બે આરોપીને ઝડપી લીધા હતા.

સોનગઢના આંબા ગામની ડુંગરી ફળિયામાં બકરાં ચરાવતી બહેન પાસે તા.૨ નવેમ્બર-૨૦૨૬ના રોજ બે શખ્સ બાઈક પર આવ્યા હતા અને રૂ.૧૨,૦૦૦માં સફેદ બકરો ખરીદ્યો હતો. બહેનને લાગ્યું કે, હાથમાં અસલી ચલણી નોટો આવી છે, પણ ધ્યાનથી જોયું તો એ તો 'મનોરંજન બેંક'ની નોટો નીકળી હતી. આમ આ સોદો 'રિયલ' નહીં પણ 'રીલ' (મનોરંજન) નોટોનો નીકળ્યો હતો.

આ અનરિટેક્ટ કેસનો ભેદ ઉકેલવા તાપી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડે બાતમીના આધારે સોનગઢ નવી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસે જાળ બિછાવી હતી. ત્યાંથી નિસાર ગુલાબ ખાટીક (રહે.,વાંસખેડી, મહારાષ્ટ્ર) અને અમીન કુરેશી (રહે.,લિંબાયત, સુરત / મૂળ નવાપુર, મહારાષ્ટ્ર) ઝડપાઈ ગયા હતા.

પૂછપરછમાં આ 'મનોરંજક' જોડીએ કબૂલ્યું કે તેમણે આંબા અને પહાડદા ગામે બકરાં ખરીદી આવી જ નકલી નોટો પધરાવી હતી. પોલીસે તેમની પાસેથી બે મોબાઈલ, એક મોટરસાઈકલ અને ૧૮,૦૦૦ રોકડા મળી કુલ ૭૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. તા.૨૧/૧૧/૨૦૨૬ના રોજ બંનેને સોનગઢ પોલીસને સોંપાયા છે.

# બારડોલીમાં NRI વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી ૭૨.૫૦ લાખની ઠગાઈ

**મની** લોન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની અને વગર વોરંટે ધરપકડની ધમકી આપી

**ઠગોએ** વૃદ્ધની ૪ એલ.આઈ.સી. પોલિસી પણ તોડાવી નાંખી

બારડોલી: બારડોલીમાં સાયબર ગઠિયાઓએ 'ડિજિટલ એરેસ્ટ'નો ભય બતાવી એક ૭૭ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ પાસેથી રૂ.૭૨.૫૦ લાખ પડાવી લીધા લીધા હતા. બારડોલી ટાઉન પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

બારડોલીના ગાંધી રોડ પર આ વેલી ઓમનગર સોસાયટીમાં પત્ની સાથે નિવૃત્ત જીવન ગાળતા પ્રફુલભાઈ સત્યદેવ પટેલ અગાઉ અમેરિકામાં મોટેલનો વ્યવસાય કરતા હતા અને વર્ષ-૨૦૧૧થી ભારત પરત આવી સ્થાયી થયા છે. ગત તા.૧૬ ઓક્ટોબરે તેમના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ પંચવટી પોલીસ સ્ટેશનના પી.આઈ. સંદીપભાઈ તરીકે આપી હતી અને બાદમાં તેમના ઉપરી અધિકારી 'ફર્નાન્ડીસ સાહેબ' સાથે વાત કરાવી હતી. ઠગોએ વૃદ્ધને જણાવ્યું હતું કે, તેમના આધાર કાર્ડ પરથી મુંબઈમાં એક નકલી બેંક ખાતું ખૂલ્યું છે, જેમાં કરોડો રૂપિયાનું મની લોન્ડરિંગ કૌભાંડ થયું છે. સાયબર ગઠિયાઓએ વૃદ્ધને 'ડિજિટલ એરેસ્ટ' કરવામાં આવ્યા હોવાનું કહીને ડરાવી દીધા હતા. તપાસ પૂરી ન થાય ત્યાં સુધી પૂછ્યા વગર ઘરની બહાર ન નીકળવા, કોઈ વકીલ કે સ્થાનિક પોલીસને જાણ ન કરવા અને દર બે કલાકે વોટ્સએપ મેસેજ કરીને હાજરી પુરાવવા ફરમાન કર્યું હતું. એટલું જ નહીં તેમના ઘરની બહાર માણસો ગોઠવેલા હોવાનો અને આદેશનું પાલન ન કરે તો હુમલો થવાની તથા વગર વોરંટે ધરપકડ કરવાની ધમકી આપી વૃદ્ધને માનસિક રીતે ભાંગી નાંખ્યા હતા.

ગભરાયેલા પ્રફુલભાઈએ ઠગોના કહેવા મુજબ પોતાના અને પત્નીના બેંક ખાતાની વિગતો મોકલી આપી હતી. ત્યારબાદ તપાસ અને મિલકત વેરિફિકેશનના બહાને પૈસા જમા કરાવવા અને તપાસ પૂરી થયે પરત મળી જશે તેવી લાલચ આપી હતી. જેના પગલે ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ઠગોએ વોટ્સએપ કોલ ચાલુ રાખી વૃદ્ધ પાસેથી આર.ટી.જી.એસ. મારફતે રૂ. ૬,૫૦,૦૦૦ એક ખાનગી બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આટલેથી ન અટકતા, ગઠિયાઓએ વૃદ્ધની ૪ એલ.આઈ.સી. પોલિસી તોડાવી નાંખી હતી, જેના રૂ.૬૭ લાખ તેમના ખાતામાં જમા થયા હતા. જેલમાં જવાની બીકથી વૃદ્ધે ૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વધુ રૂ. ૬૬,૦૦,૦૦૦ આર.ટી.જી.એસ. દ્વારા ઠગોએ આપેલા મહેબુબનગરના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

આમ, ૧૬ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર દરમિયાન ગઠિયાઓએ કુલ રૂ.૭૨,૫૦,૦૦૦ પડાવી લઈ પરત ન આપી છેતરપિંડી આચરી હતી. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં વૃદ્ધે ૨૦ નવેમ્બરે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કરી હતી અને ૨૧ નવેમ્બરે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કર્યો છે અને આ કેસની વધુ તપાસ પી.આઈ. પ્રદ્યુમનસિંહ નટુભા જાડેજા ચલાવી રહ્યા છે.

# પાનોલી નજીક ભંગારના ગોડાઉનમાં આગથી અફરાતફરી


સુરેશ ગાંધી

અંકલેશ્વર: પાનોલી નજીક જૂની ચાચા હોટલ (આમલીવાલા) ની બાજુમાં આવેલા ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગતાં દોડધામ મચી ગઈ હતી. ગોડાઉનમાં આગની જ્વાળાઓ ફેલાતાં સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ પાનોલી નોટિફાઈડના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ભારે જહેમત બાદ આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર વિભાગની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે આગ વધુ વિસ્તારમાં ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. જેના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

# ભરૂચમાં ખનીજ વહન કરતાં વાહનોનું આકસ્મિક ચેકિંગ

**૩.૧.૭૦** કરોડનો મુદ્દામાલ અને ૧૨.૧૦ લાખ રોકડા જપ્ત


GJ16AU9989ને વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યવાહી અંતર્ગત અંદાજિત રૂ.૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે ૧૨.૧૦ લાખની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. ખનીજ સંપત્તિના સંરક્ષણ તેમજ ગેરકાયદે ખનીજ વહન પર અંકુશ લાવવા માટે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ દ્વારા તપાસ અને કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

ભરૂચ: ભરૂચ ભૂસ્તરશાસ્ત્રીની કચેરી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ટીમ દ્વારા ભરૂચ-દહેજ રોડ, આમોદ-જંબુસર રોડ તેમજ ઝઘડિયા-રાજપીપળા રોડ પર ખનીજ વહન કરતા વાહનોનું આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ખનીજનું બિનઅધિકૃત વહન કરતાં વાહનો સામે ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન ચાર વાહનોમાં ખનીજનું બિનઅધિકૃત વહન થતું હોવાનું જણાયું હતું, જ્યારે અન્ય બે વાહન બ્લેકટ્રેપ ખનીજનું બિનઅધિકૃત વહન કરતા ઝડપાયાં હતાં. ચાર વાહનો નંબર GJ16AY9077, GJ06AX5098, GJ16AZ4646, GJ06BY6636 તથા બ્લેકટ્રેપ ખનિજનું બિનઅધિકૃત વહન કરતાં બે વાહનો નંબર GJ16AW4648,

## કામધેનુ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં કામદારનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી રોડ પર આવેલા કામધેનુ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં પવન રઝક નામનો કામદાર અન્ય કામદાર સાથે મળી ચેઈન કપ્પાની મદદથી એસ.એસ. શિટના બંડલને ઉપર ચઢાવવાની કામગીરી કરી રહ્યો હતો. દરમિયાન આશરે ૫૦ એસ.એસ. પ્લેટ ધરાવતું ભારે બંડલ અચાનક નીચે પડ્યું હતું. જેના પગલે ત્યાં કામ કરી રહેલા કામદારોમાં નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં પવન રઝકને એસ.એસ. પ્લેટની ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મોત થયું હતું.

# દેવમોગરા દર્શને જતા ઉકાઈના બે પદયાત્રીને બાઈકે ટક્કર મારી

**અકસ્માત** કરનારા સાગબારાના ડાબકા ગામના બાઇક ચાલકનું મોત

સોનગઢ: સાગબારાના ડાબકા ગામની સીમમાં ગત રાત્રે બેફામ ગતિએ આવતા બાઈક ચાલકે દેવમોગરા મંદિરે દર્શન કરવા જતા પદયાત્રી સંઘના બે લોકોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે બે પદયાત્રી ઘાયલ થયા હતા.

મળતી વિગતો અનુસાર ઉકાઈના જંગલ આમલપાડા ગામે રહેતા જીગ્નેશભાઈ જેનાભાઈ વસાવા (ઉ.વ.૩૯) તથા કુઈલીવેલ ગામના તેમના મિત્રો અને આગેવાનોનો સંઘ ગત તા.૨૧/૧૧/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮ વાગ્યે પગપાળા દેવમોગરા માતાજીના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યો હતો. રાત્રે આશરે ૯ વાગ્યાના સુમારે આ સંઘ ડાબકા ગામની સીમમાં પીપલાપાણી ગામ તરફ જવાના ફાટક પાસેથી પસાર થઈ રહ્યો હતો. એ સમયે ખડકીમહુ ગામ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે હોન્ડા લીવો મોટરસાઈકલ નં.(GJ-22-F-8934) લઈને આવી રહેલા ચાલક અશોકભાઈ મનજીભાઈ વસાવા (રહે.,ડાબકા)એ સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી બાઈકે સંઘમાં ચાલી રહેલા હાર્દિકભાઈ જાલમસીંગભાઈ વસાવા (રહે.,કુઈલીવેલ) અને જીગ્નેશભાઈ વસાવાને પાછળથી અડફેટે લઈ રોડ પર પટક્યા હતા અને બાઈક ચાલક પોતે પણ રોડ પર પટકાયો હતો. અકસ્માત થતા જ આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચેલી બે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હાર્દિકભાઈને ડાબા પગમાં ફ્રેક્ચરની ગંભીર ઈજા હોવાથી સોનગઢ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે માથામાં ગંભીર ઈજા પામેલા બાઈક ચાલક અશોકભાઈને સાગબારા સરકારી દવાખાને લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે સાગબારા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સચિન ભાલેકર મો. ૮૭૭૯૯૮૪૦૩૭,સૌરભકુમાર નાપીત મો. ૮૭૬૦૦૨૯૩૮૪,
વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓક્શન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે પ્રત્યક્ષ કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **કબ્જાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે.જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | નિરીક્ષણની તારીખ અને સમય | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા :(૧) શ્રી હીતેષભાઈ બી પટેલ સહ-ઉધારકર્તા: (૨) શ્રીમતી સંજના હીતેષભાઈ પટેલ | GJ/ANK/VLIA/A000000264 | Dt. 11/02/2026 & Rs. 15,47,109/ | ૨૯/૦૭/૨૦૨૬ સાંકેતિક કબજો | ૦૫/૧૨/૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૨૦,૧૩,૫૦૦/- | રૂા. ૨,૦૧,૩૫૦/- |

**સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **તા. અંકલેશ્વર, જિલ્લો:-ભરૂચની** સીમા પર દાદલ ખાતે સ્થિત ઓલ્ડ આર એસ. નં.-૧૮૩, ન્યૂ આર એસ. નં.-૧૬૩ ના બધા ભાગો અંદાજે વિસ્તાર ૧૪૨૦૦ ચો.મી.પૈકી "હેપ્પી હોમ્સ સોસાયટી" પ્લોટ નં.-૧૫૮, કચા સીટી સર્વે નં.-એન.એ.૧૬૩/૧૫૮ અંદાજે વિસ્તાર ૫૨.૬૩ ચો.મી. સાઇટ મુજબ અંદાજે વિસ્તાર મુજબ ૭૦.૬૧ ચો.મી. જેની ચતુ:સીમા આ મુજબ પૂર્વ જોડાયેલ રોડ, પશ્ચિમ પ્લોટ નં.૧૫૯, ઉત્તર ૧૫૭ અને દક્ષિણ આંતરિક રોડ.

શરતો અને નિયમો :૧.બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમડી અને કેવાયસી સાથે **તા. ૨૪/૧૨/૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: **https://bankeauctions.com** અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ